## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમારા સાહેબ... પહેલા જે આવ્યા હતાં તેના કટ્ટર વિરોધી છે... એટલે પેલાએ સ્ટીલની રકાબીમાં ચ્હા પીધી હોય તો... આ સાહેબને કાચમાં કે માટીની રકાબીમાં ચ્હા આપજો...!!

# મેડીકલ ક્ષેત્રે કારકિર્દી ઘડવા માટે ૨૭ હજારથી વધુ ફોર્મ ભરાયા

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં ડોકટરક્ષેત્રે કારકિર્દી ઘડવા માટે જાણે વિદ્યાર્થીઓમાં ભારે હોડ લાગી છે. રાજયની કુલ ૨૧ કોલેજમાં વિવિધ ફેકલ્ટીની ૧૨૦૨૫ જગ્યાઓ સામે અંતિમ દિવસ સુધીમાં કુલ ૨૭૦૩૦ ફોર્મ ભરાયા છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સેન્ટરમાંથી રોજના અંદાજે ૨૫૦થી વધુ ફોર્મ ભરાઈ રહ્યા હતા. જયારે વિવિધ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટે રાજયમાં વિવિધ સ્થળો પર કુલ ૧૩ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા હતા.

રાજયભરના વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૨ સાયન્સ પછી ડોકટર બનવા પાછળ ભારે ધસારો જોવા મળી રહ્યો છે. રાજયમાં હાલમાં મેડીકલ, ફીઝીયોથેરાપી, ડેન્ટલ, હોમિયોપેથી, આર્યુવેદીક ફેકલ્ટીમાં પ્રવેશની કામગીરી ચાલી હતી. રાજયમાં કુલ ૨૧ સરકારી અને ખાનગી મેડીકલ કોલેજ આવેલી છે. જેમાં છ સરકારી, ૭ જી એમ ઈ આર એસ સંચાલીત, આઠ ખાનગી કોલેજનો સમાવેશ થાય છે. રાજયની તમામ મેડીકલ કોલેજમાં પ્રવેશ માટે ગાંધીનગર મેડીકલ કોલેજ સહિત વિવિધ સ્થળો પર સેન્ટરો શરુ કરવામાં આવ્યા હતા. સેન્ટર પરથી વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યા છે. ગત્ વર્ષ કરતા ચાલુ વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે મેરીટ ઉંચુ રહેવાની શકયતાઓ રહેલી છે. રાજયના ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓમાં મેડીકલક્ષેત્રે કારકિર્દી બનાવવામાં વિશેષ રસ દાખવી રહ્યા છે. જેને પરિણામે રાજયની મેડીકલ કોલેજની વિવિધ ફેકલ્ટીની કુલ ૧૨૦ ૨૫ સીટ માટે કુલ ૨૭૦૩૦ વિદ્યાર્થીઓએ એડમીશન મેળવવા ઓનલાઈન અરજી કરી છે. વિદ્યાર્થીઓનું ભાવિ મેડીકલક્ષેત્રે મેરીટ આધારે ઘડાશે. જયારે અન્ય મેનેજમેન્ટ કવોટાની બેઠકો પણ નિયમ મુજબ ભરવામાં આવશે.

# સરગાસણ પાસે કન્સ્ટ્રકશન સાઈટ પરથી ફર્માની ચોરી

## ફર્મા ચોરી કરનાર સે-૧૩નો શખ્સ એલસીબીના સકંજામાં

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક સરગાસણ ખાતે સ્થિત એક કન્સ્ટ્રકશન સાઈટ પરથી ૧૦ નંગ ફર્માની ચોરી થઈ જવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસ મથકમાં ગુનો નોંધાવા પામ્યો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે ફર્મા ચોરી કરીને ફરાર થઈ જનાર સે-૧૩ના શખ્સને પકડી પાડી તેની ધરપકડ કરી લીધી છે. આરોપીની ઈન્ફોસીટી પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર સે-૪-બી ખાતે રહેતા બબલુસિંહ ઠાકુરસિંહ રાજપુતે ઈન્ફોસીટી પોલીસ મથકમાં ફર્મા ચોરીની ફરિયાદ નોંધાવી હતી. સરગાસણ સ્થિત રેડીયેન્ટ રેસીડેન્સીની કન્સ્ટ્રકશન સાઈટ પરથી ગઈ કાલે સેન્ટીંગ કામ માટે વપરાતા રૂ. ૪ હજારની કિંમતના ફર્માની ચોરી થવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. દરમિયાન ગાંધીનગર એલસીબીની ટીમે સે-૧૩ પુષ્પક એપાર્ટમેન્ટ ખાતે રહેતા ગીરીશ દલાભાઈ સોલંકી નામના શખ્સની આ ગુનામાં ધરપકડ કરી લીધી છે. ગીરીશ સોલંકીએ ફર્મા ચોરી કર્યા હોવાની કબુલાત કરતાં તેની ધરપકડ કરી આરોપીને એલસીબીની ટીમે ઈન્ફોસીટી પોલીસને સોંપ્યો છે. ઈન્ફોસીટી પોલીસે આરોપીની વધુ પુછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

## ચોરીના એકટીવા સાથે સે-૨૧માંથી એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી તેમની ટીમ સેકટર-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પી.એસ.આઈ. એમ. આર. પુવાર તથા સ્ટાફના માણસોએ પુજા ઓટો પાર્ટસ નામની દુકાન આગળથી શંકાસ્પદ એકટીવા નં. જીજે ૦૧ જેઈ ૫૫૩૫ મળી આવ્યું હતું. એકટીવા ગાંધીનગરના કમલેશ રમેશભાઈ રાજપાલાણી પાસેથી મળ્યું હતું. તેની તપાસ કરતા આ એકટીવા વર્ષ ૨૦૧૫માં અમદાવાદ માધુપુરા પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયું હોવાનું જાણવા મળતા કમલેશ સામે કાયદેસરની કાર્યવાહી કરી મુદ્દામાલ આરોપીને ગાંધીનગર એસઓજીએ માધુપુરા પોલીસને સોંપી દીધો છે.




સેકટર-૩ સ્થિત શ્રી સાંઈબાબા મંદિર ખાતે દર્શનાર્થીઓ દર ગુરુવારે પ્રાર્થના-અર્ચના અર્થે બહોળી સંખ્યામાં આવતા હોય છે તે દરમિયાન ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ સંસ્થાના સ્વયં સેવકો દ્વારા જન જાગૃતિના હેતુથી એક અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી નરસિંહભાઈ, પેરા લીગલ વોલન્ટર્સ જયરામભાઈ સોની તથા અન્ય કાર્યકર્તા હાજર રહ્યા હતા.

## શ્રી સિધ્ધયોગ ધ્યાન કેન્દ્ર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

માણસા શહેરની સજ્જનગર સોસાયટીમાં આવેલા પરમ પૂજય ચિદવિલાસાનંદજીના શ્રી સિધ્ધયોગ ધ્યાન કેન્દ્ર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતસિંહ વસાવાએ સિધ્ધયોગ ધ્યાન કેન્દ્ર ખાતે યોજાયેલ સંધ્યા આરતીમાં ભાગ લીધો હતો. અને તેઓના હસ્તે આરતી ઉતારવામાં આવી હતી. વિધાનસભા અધ્યક્ષે ત્યારબાદ યોજાયેલ સત્સંગનો પણ લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન તેજસભાઈ દવે અને તેમના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. ગુરૂપૂર્ણિમાની આ ઉજવણીમાં અધ્યક્ષના અંગત સચિવ દિનેશભાઈ વ્યાસ, સોસાયટીના અગ્રણી યુવાન જયેશભાઈ ચૌધરી, સજ્જનગર અને માણસાના નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# વર્ધાજી બારોટની હત્યા સંદર્ભે બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેનાએ આવેદનપત્ર આપ્યું

## સત્વરે હત્યારાઓને જેલભેગા નહીં કરાય તો મુખ્યમંત્રી નિવાસસ્થાને ભૂખહડતાલ સાથે રાજયવ્યાપી દેખાવો યોજવાની ચિમકી



ગાંધીનગર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ તાલુકાના શણગાલ ગામના બ્રહ્મભટ્ટ સમાજના અગ્રણી વર્ધાજી બારોટની ધોળે દહાડે કરાયેલ કરપીણ હત્યાના વિરોધમાં તથા હત્યારાઓને તાકીદે ઝડપી લેવા બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેનાના ગાંધીનગર એકમ દ્વારા આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જો હત્યારાઓને તાકીદે જેલ ભેગા નહી કરાય તો ઠેર ઠેર દેખાવો યોજી મુખ્યમંત્રીના નિવાસે ભૂખ હડતાલ જેવા કાર્યક્રમો હાથ ધરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

વાવ-થરાદ તાલુકામાં સમાજસેવક તરીકે કાર્યરત અને લોકચાહના ધરાવતા વર્ધાજી બારોટની હત્યા સંદર્ભે તમામ સમાજના અગ્રણીઓ દ્વારા આક્રોશ વ્યક્ત કરાયો હતો. તેમજ તા. ૧૧મી જુલાઈએ વિશાળ મૌન રેલી દ્વારા સંબંધિત વિસ્તારના પ્રાંત અધિકારી તથા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આમ છતાં કોઈ અગમ્ય કારણોસર સરકારે આ બનાવને ગંભીરતાથી લીધો નથી. બ્રહ્મભટ્ટ યુવા નવ નિર્માણ સેનાના મતે વગદાર સ્થાનિક રાજકીય અગ્રણીઓ હત્યારાઓને પીઠબળ પુરૂ પાડી ઓથ આપવા સાથે પોલીસ તપાસમાં અંતરાયો ઉભા કરી રહ્યાં છે. જેથી બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેના દ્વારા રાજયના તમામ જિલ્લા કલેકટરોને આવેદનપત્રો આપવામાં આવી રહ્યાં છે. આવેદન પત્રમાં નવનિર્માણ સેના દ્વારા હત્યારાઓને સત્વરે જેલભેગા કરવાની માંગણી કરાઈ છે. સાથે જો તાકીદે હત્યારાઓને ઝડપી નહી લેવાય તો બીવાયએનએસ દ્વારા મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભુખ હડતાલ કરી રાજયવ્યાપી દેખાવો યોજવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## કોબા હાઈસ્કૂલમાં ગૌરીવ્રત નિમિત્તે મહેંદી-કેશ ગુંફન હરિફાઈ યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર કેળવણી મંડળ સંચાલિત મધુરી મનસુખલાલ વસા હાઈસ્કૂલની બાળાઓએ ગૌરીવ્રત તથા જયા પાર્વતી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા યોજેલ હતી. કેશ ગુફન સ્પર્ધાનું આયોજન થયેલ હતું. જેમાં બાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બંને સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરે આવેલ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સે. ૨૧ના ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં ગરબા કલાસીસના કારણે વેપારીઓ પરેશાન

## વધુ પડતા સાઉન્ડ વૉલ્યુમના કારણે ગ્રાહકો તથા ફોન પર વાત કરવામાં મુશ્કેલી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં નવરાત્રી એ યુવાનોનું લોકપ્રિય પર્વ છે. નવરાત્રીમાં અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમવા યુવા ખેલૈયાઓ અત્યારથી જ ગરબા કલાસીસમાં તાલીમ લઈ રહ્યાં છે. જો કે ગાંધીનગરના સે. ૨૧માં ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં ચાલતા ગરબા કલાસીસ ત્યાંના વેપારીઓ માટે માથાનો દુઃખાવો સાબિત થઈ રહ્યાં છે. આ ગરબા કલાસીસના સાઉન્ડ સીસ્ટમનો અવાજ વધુ પડતો હોવાથી ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના વેપારીઓને ગ્રાહકો સાથે વાત કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. એટલુ જ નહી પરંતુ આ અવાજના કારણે તેમને ફોન પર વાત થઈ શકતી નથી જેના લીધે તેમના વવેપાર-ધંધા પર અસર પડી રહી છે. ઘણીવાર તો ફોનની રીંગ જ સંભળાતી ના હોવાથી અગત્યના ફોન મિસ થઈ જવાની ઘટનાઓ પણ બની રહી છે. જેથી આ સે. ૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના વેપારીઓમાં આ ગરબા કલાસીસના સાઉન્ડ વોલ્યુમ પર નિયંત્રણ મુકાય તેવી માંગ ઉઠવા પામી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે ગાંધીનગર જિલ્લા પંચાયતમાં અધિકારીઓ અન્યત્ર વ્યસ્ત હોવાથી આખી કચેરી ખાલીખમ ભાસતી હતી.

● કલોલ તાલુકાના શેરીસા ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરાયું હતું.

● આજે બાળ સુરક્ષા અને તેના કાયદાને લઈ એક મહત્વનો સેમિનાર મનપાની કચેરીમાં યોજાયો હતો.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી રહી છે.

● ગાંધીનગરમાં સી.સી. ટી.વી. કેમેરા જે સર્વેલન્સ માટે લગાવવામાં આવ્યા છે તેમાં ઘણી જગ્યાએ વૃક્ષોનું ટ્રીમીંગ નહિ કરાતાં તે આડે આવી રહ્યાં છે.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચે અને ગાંધીનગર-સરખેજ વચ્ચે દોડતી બસોના સમય-પત્રકમાં ફેરફાર કરવા માટે પણ લોકોની માંગણી વધી રહી છે. અહિ કર્મચારીઓની ઘટને કારણે ઘણી ટ્રીપો કેન્સલ કરવામાં આવી રહી છે.

● વન વિભાગ દ્વારા કરાયેલા ફેન્સીંગને કારણે જાહેર માર્ગ પરના દબાણો રીંગરોડ પર આવી જવા પામ્યા છે.

# આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી ખાતે મેઈક ઈન ઈન્ડિયા વર્કશોપ




ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસ, ભોયણ રાઠોડ, ગાંધીનગર દ્વારા મેઈક ઈન ઈન્ડિયા-ટુલ ફોર એમ્પલોયમેન્ટ જનરેશનની થીમ ઉપર એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. જેમાં પદ્મીન બુચ, ભૂતપૂર્વ ડાયરેકટર, સીનીયર પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ તથા ઈન્ટેલએક્ચ્યુઅલ પ્રોપ્ર્ટી રાઈટસ્‌ના એક્ષપર્ટઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીના વિઝન મેઈક ઈન ઈન્ડિયાને સફળ બનાવવાના હેતુસર આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમા ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભાગ લીધો હતો.

પદ્મીન બુચે સૌ પ્રથમ મેઈક ઈન ઈનિડયા વિશે ખ્યાલ આપતા જણાવ્યું હતુ કે આ કન્સેપ્ટ દેશના યુવાનો માટે છે. દેશની મુખ્ય મૂડી દેશના ભણેલા યુવાનો છે જેમને યોગ્ય રોજગારીની તક મળી રહે તે હેતુસર પ્રધાનમંત્રીએ મેઈક ઈન ઈન્ડિયાની શરૂઆત કરેલી છે.

## શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

સેકટર-૩૦માં આવેલા શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂપૂર્ણિમા મહોત્સવનો આરંભ સવારના ૫ કલાકે કાકડ આરતીથી આરંભ થયો હતો. ત્યારબાદ સમગ્ર દિવસ દરમ્યાન મંગલ સ્નાન અભિષેક, શ્રૃંગાર આરતી, પાદૂકા પૂજન, મધ્યાહ્ન આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના ૫.૦૦ કલાકે યોજાયેલ મહાઆરતી (ધૂપ આરતી)નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતીમાં ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનો અને સાંઈ ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગાંધીનગરમાં વિવિધ સ્પર્ધાત્મક ભરતી અંગે માર્ગદર્શન શિબીર યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર અને જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સરકારમાં વિવિધ વિભાગો અને તેના હસ્તકની કચેરીઓમાં ખાલી રહેલ વર્ગ-૧ થી વર્ગ-૩ સંવર્ગની અંદાજીત ૪૩,૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત સરકારે હાથ ધરેલ ભરતી પ્રક્રિયા અંગે ગાંધીનગર જિલ્લાના યુવાધનને માહિતગાર કરવા માટે માર્ગદર્શન શિબિરનું આયોજન તા. ૨૯મી જુલાઈના રોજ બપોરના ૧૨.૩૦ થી ૩.૩૦ કલાક દરમ્યાન ખીમજી વિસરામ હોલ ગેટ નં. ૬, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

આ માર્ગદર્શન શિબિરમાં ગૃહ, કાયદા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની સંવર્ગવાર માર્ગદર્શન આપવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેનાર ઉમેદવારોનું નિયત સમયથી અડધા કલાક સુધી સ્પોર્ટ રજીસ્ટ્રેશન કરી પ્રવેશ આપવામાં આવશે. આ શિબિર અંગેની વધુ માહિતી મેળવવા માટે જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૨૦૯૬૬ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન પત્રકારત્વના અભ્યાસાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી. કોર્સ સંયોજક મિતેશ મોદીએ ગુરુપૂર્ણિમાના દિવસને ઉપયોગી બનાવવા અંગે વિદ્યાર્થીઓને વાત કરી હતી. ન્યૂઝ-૧૮ના આસી. ન્યુઝ એડિટર હરેશ સુથારે વિદ્યાર્થીઓને આદર્શ ગુરુનાં લક્ષણો સમજાવી આ લક્ષણો જિંદગીમાં ઉજાગર કરવાની ને કોઈના માટે ગુરુપદે પહોંચી શકીએ એટલી ઉન્નતિ જિંદગીમાં સાધવાની સલાહ આપવામાં આવી હતી. કુંતલ નિમાવત દ્વારા ગુરુના પુરાણ ગુજરાતી સાહિત્યમાં ઉલ્લેખની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પણ કાવ્યપંક્તિઓ અને ઉક્તિઓનું ઉચ્ચારણ કરી કાર્યક્રમને રસિક બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ સંવર્ગની ભરતી માટે વિનામૂલ્યે તાલીમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા પોલીસ અધિક્ષક, ગાંધીનગરની કચેરી દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. હાલમાં લોક રક્ષક ભરતી બોર્ડ દ્વારા ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ સંવર્ગની ૧૭૫૩૨ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરેલ છે. તેમાં ગાંધીનગરના યુવાનોને પરીક્ષાલક્ષી માહિતી મેળવે તથા સફળ થવાના હેતુસર જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પોલીસ ભરતી માટે લેખિત કસોટીની તૈયારી માટેની સઘન તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવતા ઉમેદવારો કે જેઓએ હાલની ભરતીમાં પોતાની ઉમેદવારી નોંધાવી છે. તેઓએ ભરેલ ઉમેદવારી ફોર્મની એક નકલ સાથે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર ખાતે ઉમેદવારોએ તા. ૩૦મી જુલાઈ સુધીમાં પોતાનું રજિસ્ટ્રેશન કરાવી તાલીમ કાર્યક્રમમાં વિનામૂલ્યે પ્રવેશ મેળવી શકે છે. તેવું રોજગાર અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## કોબા હાઈસ્કુલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

મધુરી મનસુખલાલ વસા હાયર સેકન્ડરી સ્કુલ તથા પ્રાથમિક શાળા કોબામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્યશ્રી, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ ગુરૂપૂર્ણિમા નિમિત્તે સુંદર વકતવ્યો આપ્યા હતા. આચાર્યશ્રી તેમજ શિક્ષકશ્રીઓએ વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.